# ગાંધીનગર ખાતે આશાવર્કર, આંગણવાડી અને ફેસીલીએટર બહેનોની યોજાઈ આક્રોશ સભા

ગાંધીનગર, તા.૫

સીટું સંકલીત ગુજરાત આશા હેલ્થ વર્કસ યુનિયન અને ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘઠનના નેજા હેઠળ આજે ગાંધીનગરમાં રાજયભરમાંથી વિવિધ સરકારી યોજનામાં કામ કરતી બહેનો આવી પહોંચી હતી અને આક્રોશ વ્યકત કર્યો હતો. અનેકવાર લેખિત તેમજ મૌખિક ઉચ્ચકક્ષાએ રજુઆત કરવા છતા કોઈ યોગ્ય નિર્ણય નહી આવતા બહેનો આજે સરકારની ઉંઘ ઉડાડવા આવી પહોંચી હતી. વર્ષોથી બહેનોની પડતર માંગણીઓ નહીં સંતોષાતા ઉગ્ર રોષ જોવા મળ્યો હતો.ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન અને ગુજરાત આશા હેલ્થ વર્કસ યુનિયનના નેજા હેઠળ મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને મહિલા અને બાળ વિકાસ મંત્રીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી. જેમાં પગાર વધારો, વધારાની કામગીરી બંધ કરો, નિવૃતિ વયમર્યાદા ૬૪ કરો, અને પેન્શન ગ્રેજયુઈટી સહિતના લાભ આપો તે મુખ્ય મુદ્દા છે. આ પડતર માંગણીઓનો સત્વરે ઉકેલ નહી આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી બહેનોએ ઉચ્ચારી છે.






ગુજરાત આશા હેલ્થ વર્કસ યુનિયન અને ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન સહિત સીટુના મહામંત્રી અરૂણ મહેતા એ જણાવ્યું હતું કે સરકાર દરેક બેઠકમાં માંગણી મંજુર કરવાની વાતો જ કરે છે જાહેરતા શા માટે નથી કરતી. આશાવર્કરને માત્ર રૂ.૧૦૦૦ માં આંગણવાડી હેલ્પરને માત્ર રૂ.૨૪૦૦ આશા ફેસીલીએટરને માત્ર રૂ.૪૦૦૦ અને આંગણવાડી વર્કરને માત્ર રૂ.૪૭૫૦ જ ચુકવાય છે. ત્યારે આશાવર્કર બહેનોના મુખ્ય પ્રશ્નોમાં આશાવર્કરોનો ફિકસ પગાર નથી તો ફિકસ પગાર આપવો, બે સાડી આપવી અને વળતરમાં વધારો કરવો, મોસાળ કે સાસરીમાં ડિલીવરીનો ભેદ દુર કરવો, વિવિધ કામગીરીની સેવાનું વધારાનું વળતર ચુકવવુ. જયારે આંગણવાડી બહેનોની પડતર માંગણીમાં નિવૃતિ વય મર્યાદા ૬૦ વર્ષ કરવી, ગ્રેચ્યુઈટી એકટ પ્રો.ફંડ એકટ લાગુ કરવો, પેન્શન લાગુ કરવું, પ્રમોશનમાંથી વય મર્યાદા દુર કરવી, જિલ્લા તાલુકામાં ફેરબદલીની છુટ આપવી અને હેલ્પરમાંથી વર્કરમાં પ્રમોશન આપવું. તે સહિતના મુદ્દા વર્ષોથી પડતર છે. આ સભામાં સીટુના ગુજરાતના પ્રમુખ સુબોધભાઈ મહેતા, આશા યુનિયનના મહામંત્રી અશોક સોમપુરા, નસીમબેન મકરાણી, કૈલાસબેન રોહિત, ભારતીબેન મકવાણા, બાલકૃષ્ણભાઈ, નલીનીબેન જાડેજા, એચ.આઈ.ટક્કુ, સતિષ પરમાર સહિત રાજયમાંથી બે હજાર જેટલી બહેનો હાજર રહી હતી.

# પોર ગામમાં છેલ્લા ૧૭ દિવસથી એ.ટી.એમ. સેન્ટરનો તાળુ

ગાંધીનગર તા ૫

નોટબંધી બાદ શહેરના એ ટી એમ બંધ હાલતમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે એ ટી એમ માં પૈસા ન હોવાથી આમ નાગરિકોની મુશ્કેલી વધી છે. જયારે શહેર કરતા ગ્રામ્ય વિસ્તારની હાલત વધુ કફોડી છે. ગ્રામ્ય વિસ્તારમાં માંડ નજરે પડતા એ ટી એમ સેન્ટરને તાળા મારી દેવાયા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. પોર ગામમાં સ્થિત દેના બેંકના એ ટી એમ સેન્ટરને છેલ્લા ૧૭ દિવસથી તાળુ વાગેલુ છે. જેના લીધે ગ્રામજનો માટે એ ટી એમ નો વ્યવ્હાર તદન બિનઉપયોગી પુરવાર થયો છે. જે ઠેકાણે એ ટી એમ ચાલુ છે. ત્યાં કેશ નથી અને કેટલાક ઠેકાણે એ ટી એમ બંધ હાલતમાં છે.

છે. એ ટી એમ માં પૈસાનો વ્યવ્હાર થતો ન હોવાથી કલાકો કતારમાં ઉભા રહીને પણ નાગરિકોને નિરાશા સાંપડતી હોવાનો રોષ વધી રહયો છે. જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ માંડ નજરે પડતા એ ટી એમ સેન્ટર પર તાળા વાગેલા જોવા મળતા ગ્રામજનો માટે મુંઝવણ ઉભી થઈ છે. પોર ગામમાં છેલ્લા ૧૭ દિવસથી એ ટી એમ બંધ હાલતમાં છે.

નોટબંધીને એક મહીનો થવા આવશે . આમછતા બેંકોમાં હજુ પૈસાનો વ્યવ્હાર સામાન્ય થયો નથી. પગાર તારીખના અંતે પણ આમ નાગરિકો તેમજ પેન્શનરોને પુરતા પૈસા મળતા ન હોવાનુ બુમ યથાવત છે. બેંકોની કતારમાં ઉભા રહેતા નાગરિકોને માંગણી મુજબની રકમ મળતી નથી. જયારે એ ટી એમ સેન્ટર પણ શોભાના ગાંઠીયા સમાન છે. શહેરના એ ટી એમ સેન્ટરમાં તુરંત જ કેશ ખલાસ થઈ જાય છે. ગણતરીની મિનિટોમાં જ એ ટી એમ કેશલેશ બની જાય છે. ત્યારે મોટાભાગના ગ્રાહકોએ બેંકના એ ટી એમ પર ધક્કો ખાવાનો જ વારો આવે છે.જયારે બેંકમાં પણ મહીનાની શરૂઆતની તારીખમાં ભીડભાડ જોવા મળી રહી છે. પરંતુ બેંકોમાંથી પણ પુરતા પૈસા ન મળતા નાગરિકો પરેશાનીમાં મુકાયા




## નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રી

અમદાવાદ, તા.૫

ઉત્તર ભારતમાં ધુમ્મસની સ્થિતિ વચ્ચે અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યા છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૧ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં પણ લઘુત્તમ તાપમાન ઘટીને ૧૪.૮ ડિગ્રી નોંધાયું હતું. ડિસામાં ૧૩.૬ અને પાટનગરમાં ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૨.૨ ડિગ્રી નોંધાયું હતું. આજે રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૧૪થી નીચે રહ્યો હતો જેમાં કંડલા એરપોર્ટ, નલિયા, વડોદરા, ગાંધીનગર અને ડિસાનો સમાવેશ થાય છે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો સંકેત આપે છે કે, ઠંડીમાં વધારો થયો છે.

# સરકાર પાટીદાર આયોગ રચવા અંગે વિચારણા કરી રહી છે : નીતિન પટેલ

## પોલીસ કેસો પાછા ખેંચવા અંગે પણ વિચારણા કરાઈ રહી છે

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકાર પાસ દ્વારા રજુ કરવામાં આવેલી ચાર માંગણીઓ પૈકીની ત્રણ માંગણીઓ સ્વીકારવા અંગે વિચારણા કરી રહી હોવાનું રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું.

આજે અત્રે આ અંગેની વિગતો પત્રકારોને આપતા રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે વિવિધ સમાજના સરકાર સાથેના પ્રશ્નો અંગે સમાજો દ્વારા રજુઆત કરવામાં આવેલી હતી. જેમાં પાસ દ્વારા અનામત અંગેની રજૂઆત હતી.

અનામતના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે રાજ્ય સરકારે પાસના કન્વીનરોને મંત્રણા માટે આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. જેમાં પાસના કન્વીનરો સાથેની યોજાયેલી બેઠકમાં તેમના દ્વારા રજુ કરવામાં આવેલી ચાર માંગણીઓ અંગે રાજયના મુખ્યમંત્રી અને પક્ષના મોવડીમંડળ સાથે ચર્ચા કરવા અંગેની સરકારે વાત કરેલી અને ફરી બેઠક યોજવા પાસના કન્વીનરોએ સંમતિ આપેલ.

તેમણે જણાવ્યુ હતુ કે આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે હું અને રાજયમંત્રી પ્રદિપસિંહ સાથે બેઠક યોજાયેલી જેમાં પાસ કન્વિનરો સાથે થયેલી બેઠક અંગેની વિગતો રજુ કરી હતી. જેના પર ચર્ચાઓ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે પોલીસ કેસો પાછા ખેંચવા માટેની વિચારણા કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત અનામતના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે પાટીદાર આયોગની રચના કરવા અંગે પણ વિચારણા કરવામાં આવશે.

અનામત આપવા અંગે તેમણે જણાવ્યુ હતુ કે અન્ય રાજ્યોમાં વધારાની અનામત કેવી રીતે અને કયા કયા સમાજને આપવામાં આવી છે તેના દસ્તાવેજો જો રજુ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેનો અભ્યાસ કરશે અને ગુજરાતમાં આ શક્ય છે કે કેમ તેનો પણ અભ્યાસ કરાશે.

તેમણે જણાવ્યુ હતુ કે પાસના કન્વીનરો સાથે મંત્રણા બેઠક માટેની તારીખ હવે પછી નક્કી જાહેર કરાશે.

# રાજ્યમાં નોટબંધીના મામલે સામાન્ય પ્રજાની વેદના યથાવત

અમદાવાદ, તા.૫

ગત આઠમી નવેંબરની મધ્યરાત્રીથી દેશના ચલણમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની ચલણી નોટો બેન કરવાના સરકારના નિર્ણય બાદથી આજે સતત ૨૭મા દિવસે પણ અમદાવાદ સહીત તરફથી અનેક વખત એવી જાહેરાતો કરવામાં આવી ચુકી છે કે,દેશભરમાં તમામ બેંકોને પુરતી કરન્સી આપવામાં આવી રહી છે.આ ઉપરાંત એટીએમમાં પણ પુરતી રકમ નાંખવામાં આવી રહી છે.આમછતાં હજુ સુધી બેંકો તથા બે હજાર રૂપિયા સુધીની જ રકમ વીથડ્રો કરી શકાતી હોઈ ફરી પાછા લોકો વિવિધ વિસ્તારોમાં આવેલી બેંકોની બહાર લાઈનમાં રૂપિયા મેળવવા ઉભા રહી જાય છે.આજે સતત ૨૭મા દિવસે પણ શહેરનો કોટ વિસ્તાર હોય કે પશ્ચિમમાં




રાજ્યના મોટાભાગના શહેરોમાં બેંકો અને એટીએમની બહાર રૂપિયા મેળવવા માટે લોકોની લાંબી લાઈનો યથાવત રીતે જોવા મળી હતી.આ સમસ્યામાંથી કયારે મુકિત મળશે એવી પણ લોકોમાં ચર્ચા જોવા મળી હતી.આ અંગેની વિગત એવી છે કે,ગત૮મી નવેંબરના રોજ વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રજોગ સંબોધન કરવામાં આવ્યા બાદ રાત્રીના બારના ટકોરે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની ચલણી નોટ પર બેન મુકવામાં આવ્યો હતો.આ નિર્ણય બાદ સરકાર તરફથી કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી અને આરબીઆઈ એટીએમની પરિસ્થિતિમાં કોઈ સુધારો જોવા મળી રહ્યો નથી.

નોટબંધીના આજે સતત ૨૭મા દિવસે પણ અમદાવાદ જેવા શહેરમાં વહેલી સવારથી જ લોકો એટીએમ અને વિવિધ ખાનગી તેમજ રાષ્ટ્રીયકૃત બેંકોની બહાર રૂપિયા મેળવવા માટે લાઈન લગાવી ઉભા રહેલા નજરે પડી રહ્યા છે.મોટાભાગના લોકોની સૌથી મોટી વિટંબણા એ જોવા મળી રહી છે કે,પહેલા તો પરીવારના મોટાભાગના સભ્યો એટીએમની બહાર રૂપિયા મેળવવા માટે લાઈનમાં ઉભા રહી જાય છે.પરંતુ એટીએમમાંથી માત્ર નવરંગપુરા,મીઠાખળી વિસ્તાર દરેક વિસ્તારોમાં વિવિધ નેશનલાઈઝ કે ખાનગી બેંકોની બહાર બેંકોનું કામકાજ સવારે શરૂ થાય ત્યારથી લઈને મોડી સાંજ સુધી લાઈનમાં ઉભા રહેલા નજરે પડે છે.બીજી તરફ સરકાર અને આરબીઆઈની અનેક જાહેરાતોની વચ્ચે પણ હજુ આજની પરિસ્થિતિમાં બેંકોને રૂપિયા બે હજાર સિવાયની અન્ય કરન્સી ઓછી આપવામાં આવતી હોઈ લોકોને બે હજારની નોટથી ચલાવવું પડી રહ્યું છે.આ પરિસ્થિતિ કયારે સુધરશે એવી પણ લોકો ચર્ચા કરતા નજરે પડી રહ્યા છે.

## અરજદારો નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કાર્યક્રમમાં આધાર કેમ્પની પણ વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ૧૨૨ લોકોએ આધાર કાર્ડની નોંધણી કરાવેલ હતી જેની કામગીરી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પણ ચાલુ રહેલ હતી. આ કાર્યક્રમમાં 'મા વાત્સલ્ય' કાર્ડનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૧૦૦ લોકોને 'મા વાત્સલ્ય કાર્ડ'નો લાભ આપવામાં આવેલ. આ કાર્યક્રમ દરમ્યાન બેંકીંગની જાણકારી માટે એચ.ડી.એફ.સી., આઈઆઈઆઈસી, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, એકસીસ બેંક દ્વારા કેમ્પ ખોલવામાં આવેલ હતા. જેમાં ૯૩ નાગરીકોએ લાભ લીધેલ જેમાં ૧૧ જનધન યોજનાના ખાતા ખોલાવવામાં આવ્યા હતા અને ૧૯ જેટલી જનધન ખાતા ખોલવા માટે અરજીઓ મળેલ હતી, ઈ-બેંકીંગ અંગે નાગરિકોને સમજ આપવામાં આવેલ હતી અને કાર્યક્રમ દરમ્યાન ઈ-પેમેન્ટ અંગેનું પ્રેઝન્ટેશન પણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમ દરમ્યાન સિનિયર સીટીઝન્સના કાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી. જેમાં ૩૮ સિનિયર સીટીઝનોને લેમીનેશન કરી મહાનુભાવોના હસ્તે કાર્ડનું વિતરણ કરવામાં આવેલ હતું.

હવે આ સેવા સેતુ કાર્યક્રમ ચાર વોર્ડને બદલે બે વોર્ડ વચ્ચે યોજવાનો નિર્ણય મનપાના સત્તાધીશો દ્વારા લેવામાં આવ્યો છે.

## પ્રશ્નો રજૂ કર્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય છે તેનું તાત્કાલીક અસરથી નિરાકરણ આવે છે ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે આયોજીત સેવાસેતુ કાર્યક્રમમાં આમ જનતાના પ્રશ્નોને ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરે વાચા આપી હતી. શહેરના મેયર પ્રવિણ પટેલે નાગરીકોને સ્પર્શતા પ્રશ્નો જેવા કે શહેરના વિવિધ સેકટરોના આંતરીક રસ્તાઓ બિસ્માર હાલતમાં હોવાથી તાત્કાલીક અસરથી તેના નવિનિકરણની જરુરીયાત, શહેરમાં દિનપ્રતિદિન ઘટતુ જતુ પાણીનું પ્રેશર તથા પાણીનું યોગ્ય રીતે શુધ્ધીકરણની જરુરીયાત અને નગરના રાજમાર્ગો અને આંતરીક માર્ગો પર અસંખ્ય સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી તેના રીપેરીંગ કામની જરુરીયાત વગેરેનો સમાવેશ થાય છે. મેયર પ્રવિણ પટેલ દ્વારા સેવાસેતુ કાર્યક્રમમાં નગરને સ્પર્શતા પ્રશ્નોને લોકહિતમાં નિકાલ થાય તે માટે રજુઆત કરતા સ્થળ પર હાજર અધિકારીઓ તેમજ કર્મચારીઓ સહિત તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું.

## ધમધમાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં ૭૧, માણસામાં ૨૬ અને કલોલ તાલુકામાં ૧૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. રાજકીય પક્ષો દ્વારા તેમના સમર્થકો આ જંગમાં ઝુકાવે તેના માટે પાછલે બારણે પ્રયાસો કરી રહ્યા છે. આ વખતની ચૂંટણી નવા નિયમો પ્રમાણે લડાશે. ૯૭ પંચાયતોમાં મહિલા સરપંચો ચૂંટાશે. સાડાચાર લાખથી પણ વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. આ ચૂંટણીઓ માટે તંત્ર દ્વારા તૈયારીઓ પ્રથમ તબક્કાની પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ચૂંટણીને લઈ ગ્રામ્ય વિસ્તારમાં બેઠકો અને ખાટલા પરિષદોનો ધમધમાટ વધી જવા પામ્યો છે. આ વખતની ચૂંટણીમાં યુવા ઉમેદવારો વધુ ઝુકાવશે તેમ મનાઈ રહ્યું છે.

## અતિ ગંભીર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિલાઓ રડતી પણ નજરે પડી રહી છે. આ ઉપરાંત પોલીસને એલર્ટ કરી દેવામાં આવી છે. સ્થિતીને કાબુમાં રાખવા માટે સાવચેતીના તમામ પગલા પણ લેવામાં આવ્યા છે. જયલલિતા છેલ્લા બે મહિનાથી હોસ્પિટલમાં ભરતી છે. અપોલો હોસ્પિટલ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે જયાને હાર્ટ અટેક થયા બાદ તેઓ આઈસીયુમાં છે. જયાના ઈલાજમાં તમામ નિષ્ણાંત તબીબો લાગેલા છે. હોસ્પિટલમાં મોડી રાત્રે જણાવવામાં આવ્યુ હતુ કે તેમની હાલત ગંભીર બનેલી છે. મલ્ટી સ્પેશિયાલિસ્ટ ટીમ તેમને બચાવવાના તમામ પ્રયાસ કરી રહી છે. સ્થિતીને કાબુમાં રાખવા માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. વાહનોની અવર જવરને રોકી દેવામાં આવી છે.

## અંધાધૂંધી યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગાર બેંકોમાં જમા થયા બાદ કર્મચારીઓમાં પણ ઉપાડને લઈને બેંકોમાં જટિલ સ્થિતી સર્જાયેલી છે. આજે રવિવારના દિવસે પણ રોકડ ઉપાડવા માટે બેંકોમાં રજા હોવાના લીધે એટીએમ ઉપર ઘણી જગ્યાએ ધસારો રહ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, દેશમાં બે લાખ એટીએમ પૈકીના ૯૦ ટકા એટીએમ રૂપિયા ૫૦૦ અને ૨૦૦૦ની નોટ માટે રિકેલિબ્રેટેડ કરી દેવામાં આવ્યા છે પરંતુ આ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. કારણ કે અમદાવાદ શહેરમાં મોટાભાગના એટીએમ હજુ પણ બંધ જેવી સ્થિતિમાં છે. જાહેરાત કરવામાં આવી તે દિવસથી લઈને હજુ સુધી ઘણા એટીએમમાં તો ૧૦૦ રૂપિયાની નોટ પણ નિકળી રહી નથી. શહેરના જુદા જુદા વિસ્તારોમાં રહેતા લોકો આના કારણે મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઘણા વિસ્તારમાં ચોક્કસ બેંકો સિવાય અન્ય બેંકો દ્વારા એટીએમમાં પૈસા પણ મુકવામાં આવી રહ્યા નથી. નાણા ઉપાડવા માટે જુદી જગ્યાએ જવાની ફરજ પડી રહી છે. ૮મી નવેમ્બરના દિવસે નોટબંધીના નિર્ણય બાદથી ૫૦૦ અને ૨૦૦૦ની વાત તો દૂરની રહી પણ ૧૦૦ રૂપિયાની નોટ પણ નિકળી રહી નથી. સરકાર દ્વારા સુધારાના પગલા લેવાઈ રહ્યા હોવા છતાં માંગ વધુ દેખાઈ રહી છે. સવારથી જ પૈસા ઉપાડી લેવા માટે લોકોની લાંબી લાઈનો જોવા મળી હતી. ૮મી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી છેલ્લા ચાર સપ્તાહથી લોકોની હાલત કફોડી બનેલી છે. દરરોજ બેંકો અને એટીએમ ઉપર લાંબી લાઈનો જોવા મળી રહી છે. નોટબંધીના કારણે સામાન્ય લોકો હજુ પણ પૈસા ઉપાડી લેવાને લઈને મુશ્કેલી અનુભવી રહ્યા છે. બેંકરોને દહેશત છે કે ઘણા બધા એટીએમ હજુ પણ યોગ્ય રીતે કામ કરી રહ્યા નથી. ઉપાડની મર્યાદા બેંકો હાલમાં ઘટાડી શકે છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ઉભી થયેલી રોકડ કટોકટીને હળવી કરવાના તમામ પ્રયાસો સરકાર અને આરબીઆઈ દ્વારા કરાઈ રહ્યા છે ત્યારે આરબીઆઈએ કેશ સપ્લાયને ચાર ગણા સુધી વધારી દીધો છે. જોકે બેન્કોમાં હજુ પણ રોકડ કટોકટી યથાવત રીતે જોવા મળી રહી છે. બેંક શાખાઓ ઉપર પ્રવર્તી રહેલી રોકડ કટોકટીને ધ્યાનમાં લઈને સરકારે ૫૦૦ રૂપિયાની નોટ વધુ છાપવાને વધુ મહત્વ આપ્યું છે અને એવી આશા વ્યક્ત કરી છે કે નવી નોટનો નવો જથ્થો આગામી થોડાક દિવસમાં સ્થિતિને હળવી કરી દેશે.

## પારૂલ પરમાર... ● ત્રીજા પાનાનું ચાલુ

ચીનના બેઈજીંગ ખાતે તા. ૨૨મી નવેમ્બરથી તા. ૨૭મી નવેમ્બર દરમ્યાન બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનની બીડબલ્યુએફ એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપ-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ભારતના ખોડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ૪ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૬ બ્રોન્ઝ સાથે કુલ ૧૨ ચંદ્રકો અંકે કર્યા હતા. ગાંધીનગરની અર્જુન એવોર્ડ વિજેતા મહિલા ખેલાડી પારૂલ પરમારે સુવર્ણચંદ્રક હાંસલ કર્યો હતો. પારૂલ પરમારે એસએલ-૩ કેટેગરીમાં વિમેન્સ સીંગલ્સની ફાઈનલ સુધી પહોંચી ફાઈનલમાં થાઈલેન્ડની ખેલાડીને ૨૧-૧૦, ૨૧-૬થી પરાજય આપી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. પારૂલ પરમારે થાઈલેન્ડની વૉન્નાફાટ્ટુદી કામ્ટેમને તેમની ઉત્કૃષ્ઠ રમતથી હરાવી હતી. સમગ્ર ટૂર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન ઉત્કૃષ્ઠ રહ્યું હતું અને કુલ ૧૨ મેડલ્સ ભારતે જીત્યા હતા જેમાં ૪ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ્સનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પેરાબેડમિન્ટન ચેમ્પિયનશીપ એ બેડમિન્ટનના દિવ્યાંગ ખેલાડીઓ માટે રમાડાય છે અને તાજેતરમાં જ તા. ૪થી ડીસેમ્બરે વિશ્વ દિવ્યાંગ દિન ઉજવાયો છે. આ પ્રસંગે પારૂલ પરમારની આ જીત "દિવ્યાંગ દિન"ની અણમોલ ભેટ સમાન બની રહેશે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે પારૂલ પરમારને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ટાટા પાવર કંપની દ્વારા સ્પોન્સર કરી તેમનો તમામ ખર્ચ કંપનીએ ઉઠાવ્યો હતો.

## લાંબી પુછપરછ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિભાગ પાસે સમય માંગ્યો છે. મહેશ શાહને બપોરે આઈટી કચેરી ઉપર આજે લાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ પુછપરછનો સિલસિલો શરૂ થયો હતો. તેમના સંબંધીઓ કોણ છે અને પૈસાની લેતીદેતી અંગે પ્રશ્નો કરાયા હતા. આઈડીએસ સ્કીમમાં ૧૩૮૬૦ કરોડનું નાણું જાહેર કરીને ભુગર્ભમાં રહ્યા બાદ તેમની અટકાયત કરી લેવામાં આવી હતી. મહેશ શાહ અમદાવાદ શહેરના જોધપુર ખાતેના આવાસ પર રહે છે. મહેશ શાહની સુરક્ષામાં પોલીસ અને સીઆરપીએફ મળીને ૧૭ જવાન તૈનાત છે.

પુછપરછ દરમિયાન મહેશ શાહની તબિયત નાદુરસ્ત થવાને કારણે તબીબોની ટીમ પણ આઈટી ઓફિસે આવી હોવાનુંમળી રહ્યુંછે. આઈડીએસ હેઠળ ૧૩૮૬૦ કરોડ રૂપિયા જાહેર કરી ભાગી ગયા બાદ ફરી પાછા ફરવાના સમગ્ર નાટકીય ઘટનાક્રમ બાદ આ કેસે ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાં ચર્ચા જગાવી છે. સતત ત્રણ કલાક આવકવેરા વિભાગ દ્વારા પુછપરછ કરાયા બાદ મહેશ શાહની તબિયત નાદુરસ્ત થઈ હોવાનું તેમજ તબીબોની ટીમ ઈન્કમ ટેક્સ ઓફિસે આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## એવોર્ડ ઓફ ધ યર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જરૂરી નથી. પરંતુ એક બાબત તો નક્કી છે કે દુનિયાના નેતાઓ એ રાષ્ટ્ર પ્રમુખોમાં મોદી સૌથી આગળ અને લોકપ્રિય છે. મોદી એવોર્ડ જીતશે કે કેમ તેની ચર્ચા હવે જોવા મળી રહી છે. રવિવારની રાત્રે વોટિંગની પ્રક્રિયા બંધ કરવામાં આવી હતી. મોદીને ૧૮ ટકા વાચકોના વોટ મળ્યા છે. મોદી સાથે સૌથી નજીકની ટક્કરમાં બરાક ઓબામા, ડોનાલ્ડ ટ્રમ્પ અને જુલિયન અસાંજે રહ્યા છે. પોતાના તમામ હરીફો કરતા મોદીને સૌથી વધારે મત મળ્યા છે. આ દાવેદારીમાં હિલેરી ક્લિન્ટન અને ફેસબુકના વડા માર્ક ઝકરબર્ગ પણ હતા. હાલના દિવસોમાં નોટબંધી નિર્ણયના કારણે મોદી ખુબ ચર્ચામાં રહ્યા છે. ઓનલાઈન પોલના પરિણામનું મૂલ્યાંકન કરતા જાણકાર લોકોનું કહેવું છે કે, મોદીને ભારતીયો તરફતી સૌથી વધારે મત મળ્યા છે. સાથે સાથે મોદીને કેલિફોર્નિયા, ન્યુજર્સીથી પણ ખુબ વોટ મળ્યા છે. દર વર્ષે ટાઈમ મેગેઝિન દ્વારા વર્ષના સૌથી પ્રભાવશાળી વ્યક્તિની પસંદગી કરવામાં આવે છે. આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવેલી હસ્તીની સાથે નકારાત્મક અને હકારાત્મક બંને પ્રકારના કારણો હોઈ શકે છે. કઈ વ્યક્તિનું પ્રભુત્વ રહ્યું તેના ઉપર તમામ બાબતો આધારિત રહે છે. જો કે, અંતિમ નિર્ણય એડિટરો દ્વારા કરવામાં આવે છે. ગયા વર્ષે મોદી સહેજમાં રહી ગયા હતા પરંતુ આ વખતે તેઓ સૌથી આગળ રહ્યા છે. મોદીને પોલની પ્રક્રિયા બંધ કરવામાં આવી ત્યાં સુધી ૧૮ ટકા મત મળ્યા હતા જ્યારે બરાક ઓબામા, ડોનાલ્ડ ટ્રમ્પ, અસાંજેને સાત સાત ટકા મત મળ્યા હતા. ઝકરબર્ગને બે ટકા અને હિલેરીને ચાર ટકા મત મળ્યા હતા.

## આક્રમક નીતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈયાર કરી લેવામાં આવ્યા છે. જો આ લોકો આગામી બે ત્રણ મહિનામાં ડિજીટલ ટ્રાન્સઝીક્શન કરવા લાગી જશે તો તેમને જોઇને અન્યો પણ આ દિશામાં ઝડપથી આગળ વધી શકે છે. જેના કારણે સીધો ફાયદો થશે. અત્રે નોધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઠમી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત કર્યા બાદથી લોકોની હાલત હાલમાં કફોડી બનેલી છે. કેમ્પેઇનમાં સામેલ પેમેન્ટ ટેકનોલોજી કંપની માસ્ટરકાર્ડના ઉપપ્રમુખ રવિન્દ્ર અરોડાએ કહ્યું છે કે, સામાન્ય સ્વાઇપ મશીનની સરખામણીમાં એમ-પીઓએસ વધારે સાનુકુળ છે. આનાથી એક નાનકડા સાધનને મોબાઇલથી કનેક્ટ કરીને કાર્ડ સ્વાઈપ કરવામાં આવી શકે છે પરંતુ જ્યાં ઇન્ટરનેટ કનેક્શન નથી ત્યાં ક્યુઆર કોડ વધારે અસરકારક છે. આ હેઠળ દરેક દુકાનદાર એક બારકોડ ઇમેજ ડાઉનલોડ કરીને પોતાની દુકાન પર લગાવશે. ગ્રાહક પોતાના મોબાઇલ પર આ ઇમેજ સ્વાઇપ કરીને પેમેન્ટ કરી દેશે. કન્ફડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સના જનરલ સેક્રેટરી પ્રવિણ ખંડેલવાલે કહ્યું છે કે, ૩૦ રાજ્યોના વેપારી પ્રતિનિધિઓ સહમત થઇ ચુક્યા છે. વેપારીઓને ઓછામાં ઓછા કેસનો ઉપયોગ કરવાની ટેવ પાડવી જોઇએ.